## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ દ્વારા ભંડારણ વિકાસ તથા વિનિમય પ્રાધિકરણ પર પ્રશિક્ષણ તથા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ ખાતે તા.૩૦/૦૧/૨૦૧૭ના રોજ કેંન્દ્રિય ભંડારણ નિગમ, અમદાવાદના સહયોગથી ભંડારણ વિકાસ તથા વિનિમય પ્રાધિકરણના સંદર્ભમાં એક દિવસીય પ્રશિક્ષણ તથા જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. સદર કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે પધારેલ આણંદ કૃષિ યુનિવર્સિટી આણંદના વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીના પ્રતિનીધિશ્રી ડો. બી.એસ.પટેલ સાહેબે તેમના પ્રવચનમાં અનાજ સંગ્રહ કરવા માટે રાખવાની કાળજીઓ, ખેડુતોને સરકારી ભંડારણમાં પોતાના બીયારણ અને અનાજનો સંગ્રહ કરવા સુચનકર્યું હતું અને આ ઉપરાંત વધુ ને વધુ ખેડુતોને રાજ્યના ભંડારણ નિગમનો લાભ લેવા જણાવ્યુ હતુંકેંન્દ્રિય ભંડારણ નિગમ, અમદાવાદથી પધારેલ શ્રી. એસ.કે.દુબે સાહેબે ભારત સરકારના ભંડારણ નિગમ વિશે વિસ્તૃતમાં માહિતી આપી હતી તેમજ ખેડુતોના વિવિધ પ્રશ્નોનું નિવારણ કર્યું હતું શ્રી જી. વી. વાઘેલા, મેનેજરશ્રી પી. એન. બી. બેંક, આણંદ એ વેર હાઉસીસ માટે ધિરાણની માહિતી આપેલ જ્યારે સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા, સોજીત્રા, બ્રાન્ચ મેનેજર શ્રી લાલીવાલ દ્વારા ખેડુતોને કેશલેશ ટ્રાન્ઝેક્શન તથા એસ.બી.આઇ. ઇ- બડીના ફાયદાઓ પરત્વે માહિતગાર કરેલ. શ્રી વાય.સી. લકુમ સાહેબે અનાજ સંગ્રહ વખતે લેવાતી કાળજી અને જીવાત નિયંત્રણના વિવિધ પગલાંઓ વિષેજાણકારી આપી હતી. સદર કાર્યક્રમમાં ૧૦ ગામોમાંથી કુલ મળી ૫૦ ખેડુતો હાજર રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં કેવિકે, દેવાતજના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, ડો. જી. જી. પટેલે આમંત્રિત મહેમાનો તેમજ ખેડુત ભાઇઓનું શાબ્દીક તથા પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું તેમજ અનાજ તેમજ બીયારણ સંગ્રહ માટે ગોડાઉનના ઉપયોગ અને ભંડારણ પાવતી દ્વારા કોમોડિટી એક્ક્ષ્ચેંજમાં વેપાર કરવા પરત્વે માહિતગાર કરેલ ભોજન વિરામ બાદ બધા ખેડુતોએ આણંદ ખાતે આવેલ સરકારી ભંડારણની મુલાકાત લીધી હતી સમાપન સત્ર દરમ્યાન શ્રી રામેશ્વર, ક્ષેત્રીય પ્રબંધક, કેન્દ્રિય ભંડારણ નિગમ, અમદાવાદ (ભારત સરકારનું સાહસ) દ્વારા ખેડુત ભાઇઓ સાથે ચર્ચા પરામર્શ કર્યા બાદ દરેક ખેડુત ભાઇઓને કાર્યક્રમના અંતે પ્રમાણપત્ર તેમજ સાહિત્ય કિટનું વિતરણ કરવામાં આવેલ.

શ્રી જે.એચ.ભટ્ટ, વૈજ્ઞાનિક (ફિશરીઝ)એ અંતમાં કાર્યક્રમની આભારવિધી કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન તેમજ સંચાલન શ્રીમતી અમિતાબેન પરમાર, વૈજ્ઞાનિક (બાગાયત)એ કર્યું હતુ.







